# અરવલ્લીમાં આકાશમાં વાદળો ગોરંભાયા

## જિલ્લાના ભૂમિપુત્રોને આબાદ છેતરવામાં વાદળો સફળ : સામાન્ય વરસાદી ફોરા પડ્યા

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં એક મહિનો થયો છતાં વરસાદનું એક પણ ટીપુ પડ્યુ નથી. ત્યારે ગઈકાલે સાંજથી જિલ્લાના વાતાવરણમાં એકાએક પલટો આવતાં આકાશમાં વાદળો ગોરંભાયા હતા. જેથી ભૂમિપુત્રોમાં વરસાદી ઝાટપા પડશે તેવી આશા સેવાઈ રહી હતી ત્યાં એકાએક વાદળો વિખેરાઈ ગયા હતા. અને છે. જિલ્લામાં જુનની ૨૦ તારીખે મેઘરાજાએ પધરામણી કર્યા બાદ જુલાઈ મહિનામાં અંત સુધી આખાય જિલ્લામાં કોરોધાકોર નિકળ્યો હોવાથી પ્રથમ વરસાદમાં વાવણીને ભારે નુકશાન થાય તેવી ભીતી સેવાઈ રહી છે. રવિવારે રાત્રે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા હતા. રવિવારે સાંજના આકાશમાં વાદળો ઘેરાતાં જિલ્લાના ભૂમિપુત્રોમાં



(તસવીર : જય અમીન, મોડાસા)

જિલ્લાના અમુક વિસ્તારમાં વરસાદી ફોરા પડતાં ખેડૂતોએ વાદળોએ છેતર્યાની લાગણી અનુભવી હતી.

અરવલ્લી જિલ્લામાં ચોમાસાની ઋતુમાં વરસાદના બદલે અસહ્ય ગરમી અને બફારાથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે. ત્યારે રવિવારે જિલ્લાના વાતાવરણમાં પલટો આવતાં આકાશે કાળાડિબાંગ વાદળો ઘેરાયા હતા. વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. પરંતુ જગતના તાતની માઠી દશા બેઠી હોય તેમ વાદળોએ જાણે રીસામણા કર્યા હોય તેવું લાગી રહ્યું વરસાદી ઝાપટાનો આશાવાદ ઉત્પન્ન થયો હતો. પરંતુ વરસાદ ન થતાં અને સોમવારનો આખો દિવસ વાદળછાયા વાતાવરણ વચ્ચે કોરોધાકોર પસાર થતાં જિલ્લાના ભૂમિપુત્રોના માથે ચિંતાની લકીરો તણાઈ છે. જિલ્લાના પ્રજાજનો અસહ્ય બફારા અને કાળઝાળ ગરમીમાં ત્રાહિમામ પોકારી ઉઠયા છે. જ્યારે જિલ્લાના પ્રજાજનો ચાતક નજરે આકાશી વાદળોની સામે જોઈ રહ્યા છે. પરંતુ જાણે કુદરત રૂઠી હોય તેમ ભર ચોમાસે ઉનાળા જેવો ઘાટ સર્જાયો છે.

# ભિલોડામાં ધીમી-ધીમી ધારે મેઘરાજાની પધરામણી

## ખેડુતો, ખેતમજુરો અને પશુ-પાલકોમાં આનંદની લાગણી પ્રસરી : મુરઝાતા ખેતીના પાકોને જીવતદાન

ભિલોડા,તા.૨૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ધીમી-ધીમી ધારે મેઘરાજાની પધરામણી ખેડુતો, ખેતમજુરો અને પશુ-પાલકોમાં આનંદની લાગણી પ્રસરી છે. મુરઝાતા ખેતીના પાકો જેવા કે કપાસ, મગફળી, મકાઈ, તુવેર, અળદ સહિત વિવિધ પ્રકારના ખેતીના પાકોને નવિન જીવતદાન મળ્યું છે. ઝરમર-ઝરમર ધીમી-ધીમી ધારે મેઘરાજાની ધમાકેદાર પધરામણીના પગલે ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે. ખેડુતો અને ખેતમજુરો ખેતી કામકાજમાં પરોવાયા છે. અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ સર્જાયા બાદ ઉકળાટ અને બાફનું પ્રમાણ વધતાં અબાલ-વૃધ્ધ-નાના-મોટા સૌ-કોઈ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ભિલોડા તાલુકામાં બિયારણના વેપારીઓને ઘી-કેળા થઈ ગયા હોવાનું લોકમુખે ચર્ચાય છે. જાગૃત ખેડુતોના જણાવ્યા મુજબ બિયારણના અમુક નાના-મોટા વેપારીઓ ખેડુતોને ઓરીઝનલ બીલ



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

નહી આપતા હોવાની બુમરાણ લોકમુખે સાંભળવા મળેલ છે. બિયારણના અમુક વેપારીઓ બે નંબરનો ધીકતો ધંધો કરી ધોળા દિવસે ખેડુતોને લુંટી રહ્યા હોવાનું જાગૃત ખેડુતો ધ્વારા લોકમુખે જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્યવિસ્તારોમાં વારંવાર વીજપુરવઠો ખોરવાતા પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. યુ.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારીઓ રાત્રે લાઈટો બંધ હોવા છતાં જાગૃત પ્રજાજનોના કોલ રીસીવ કરતા નથી? પ્રજાજનો વરસાદી માહોલમાં ભારે મુશ્કેલીમાં મુંકાય છે. અમુક ગ્રામ્યવિસ્તારોમાં રાત્રે સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા ગામડાના લોકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

ભિલોડામાં શાંતિનગર સોસાયટી,ત્રિભોવનનગર સોસાયટી, આનંદનગર સોસાયટી, ચંદ્રપુરી સોસાયટી, ગોવિંદનગર વિસ્તાર સહિત વિવિધ હાર્દસમા રેસીડેન્ટ સોસાયટી વિસ્તારોમાં અને ગ્રામ્યવિસ્તારોમાં ઠેર-ઠેર ખાડા-ખાબોચીયા, નીચાણવાળા સોસાયટી વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. ગંદકીના કારણે માખી-મચ્છરો, જીવાતનો ઉપદ્રવ વધતાં રોગચાળો ફેલાવાની ભીતી સેવાઈ રહી છે. ભિલોડામાં જાગૃત પ્રજાજનો ચિંતીત છે. ભિલોડામાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

## તલોદથી વિહાર કરી ગાંધીનગરમાં દિગમ્બર જૈનમુનિનો ચાર્તુમાસ

તલોદ, તા. ૨૦

પ.પૂ. ૧૦૮ આચાર્યશ્રી પુષ્પદંત સાગરજી મહારાજના શિષ્ય ૧૦૮ મુનિશ્રી પ્રભાવ સાગરજી મહારાજ તલોદથી વિહાર કરીને ગાંધીનગર પધારવાના છે. બુધવારના રોજ સેક્ટર-૨૧માં મહાવીર સોસાયટી ખાતે ચાર્તુમાસ માટે જૈનમુનિનું આગમન થશે. તેમજ ૨૬મીએ કલશ સ્થાપનાનો સુંદર ધાર્મિક પ્રસંગ ઉજવાશે. જૈનમુનિના ચાર્તુમાસ ગાંધીનગર ખાતે થવાના હોઈ સમગ્ર દિગમ્બર સમાજમાં ધાર્મિક ઉત્સવ જેવું વાતાવરણ ઉભું થયું છે. તેમજ મુનિ મહારાજના સાનિધ્યમાં વિવિધ ધાર્મિક પ્રસંગોનું આયોજન થનાર છે. જેનું સંચાલન ગાંધીનગર દિગંબર જૈનસમાજ ચાર્તુમાસ સમિતિ કરનાર છે.

# ઊંઝાના સટ્ટા કૌભાંડમાં આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાનો હૂકમ કરવા સરકારી વકીલની અરજી

ઊંઝા, તા. ૨૦

ઈડી દ્વારા કરોડોના સટ્ટાબેટિંગ કૌભાંડમાં સંડોવાયેલ બુકીઓ પૈકી મુળ ઊંઝાના વતની ટોમી પરસોત્તમભાઈ પટેલ વિરૂદ્ધ અગાઉ થયેલ જુગારધારા હેઠળના બે ક્રિમિનલ કેસો સંદર્ભે નામદાર ઊંઝા કોર્ટના આસી. પબ્લીક પ્રોસીક્યુટર વિજય બી. બારોટે ક્રિ.પ્રો. કોડની કલમ ૧૭૩(૮) અન્વયે વધુ પોલીસ તપાસ થવા બાબત મે. ઊંઝાના જ્યુ. મેજી. ફ.ક.ની કોર્ટમાં યોગ્ય લાગે તેવો હૂકમ કરવા અરજ કરી છે.

ઊંઝા કોર્ટના આસી. પબ્લીક પ્રોસીક્યુટર વિજય બી. બારોટે સરકાર તરફે ફરિયાદી બનીને ક્રિમિનલ કેસ નં. ૨૫/૨૦૦૫ સંદર્ભે આરોપી ગીરીશ ઉર્ફે ટોમી પરસોત્તમ પટેલ વિરૂદ્ધના જુગારધારા અન્વયેના કેસમાં ક્રિ. પ્રો. કોડની કલમ ૧૭૩(૮) અન્વયે વધુ તપાસ થવા મે. ઊંઝાના જ્યુ. મેજી. ફ.ક.ની કોર્ટમાં યોગ્ય હૂકમ થવા અરજ કરી છે. જેમાં જણાવ્યું છે કે, આ કામમાં તપાસ કરનાર અમલદારે નીચે જણાવેલ બાબતો અંગે તપાસ કરેલ ન હોઈ વધુ તપાસ થવી જરૂરી છે.

આ કામે પોલીસે પંચનામુ કરીને ગુનાવાળી જગ્યાએથી બે નોટબુક તપાસ અર્થે કબજે કરી છે. જેમાં પેન દ્વારા કોડવર્ડમાં ક્રિકેટના સટ્ટા બેટિંગના હારજીતના સોદા હાથથી લખેલ છે. જેથી આરોપીના હસ્તાક્ષર તથા નોટબુકના હસ્તાક્ષરો અંગે નોટબુકમાં કોર્ડભાષામાં લખાયેલ કેટલાક નામવાળા વ્યક્તિઓ બાબતે યોગ્ય તપાસ જરૂરી છે. ગુનાવાળી જગ્યાએ બે લેન્ડલાઈન ફોન હતા. તે કોના નામે અને કયા સરનામે નોંધાયેલ છે ? તેમજ બનાવ સમયે આ ફોન પર આવતા જતા કોલ્સ અંગે તપાસ થવી જરૂરી છે. ગુનાવાળી જગ્યાએથી કબજે કરાયેલ ત્રણ મોબાઈલ ફોન કોના નામે ખરીદાયેલ છે ? અને તેમની કોલ્સ ડીટેલની માહિતી મેળવેલ નથી. જે ઘરમાં ક્રિકેટ સટ્ટો લખતાં પકડાયેલ છે તે ઘર ચોક્કસ મહિલાના નામે જણાવેલ છે. પરંતુ તેમની માલિકી અંગેના યોગ્ય પુરાવા મેળવેલ નથી. તેમજ લાગતા વળગતા સાહેદના કોઈ નિવેદન લીધેલ નથી. કામનું રેકર્ડ જોતાં તપાસ કરનાર અધિકારી યોગ્ય રીતે પુરાવો એકત્ર કરવામાં નિષ્ફળ ગયા છે. જેથી સત્યને બહાર લાવવા માટે વિશેષ પોલીસ તપાસ જરૂરી છે.

આ કામે પી.આઈ. એલ.સી.બી. મહેસાણાએ તા. ૨૧-૧-૨૦૧૧ના રોજ ડી.એસ.પી. મહેસાણા મારફતે જુદા જુદા મોબાઈલ ધારકોના નામ અને સરનામા માંગતા કંપનીએ કાર્ડ ધારકોના નામ સરનામા જણાવેલ છે. તે કાર્ડ ધાકરોના કોઈ નિવેદન લીધેલ નથી. કે તેને લગતી કોઈ તપાસ પોલીસે કરી નથી. આરોપીઓ ખોટુ નામ ધારણ કરી ખોટા પુરાવા ઉભી કરી તે દુકાનદાર સમક્ષ રજુ કરી સીમકાર્ડ મેળવી તેનો ક્રિકેટ સટ્ટા બેટિંગમાં ઉપયોગ કરતા હોવાની તેની તપાસ થવી જરૂરી છે. વધુમાં સદર કામનું રેકર્ડ જોતાં તપાસ કરનાર અધિકારી યોગ્ય રીતે પુરાવો એકત્ર કરવામાં નિષ્ફળ ગયા છે તેવું જણાય છે.

# મોડાસાનો એક્યુપ્રેશર પથ નગરજનો માટે સ્વસ્થતાની ચાવી સાબિત થયો

મોડાસા, તા. ૨૦

મોડાસા નગરના ઓધારી તળાવ કિનારે ગાયત્રી પરિવાર હરીદ્વાર દ્વારા તૈયાર કરાયેલા શ્રીરામ સ્મૃતિ ઉપવનનો એક્યુપ્રેશર પથ કેટલાય નગરજનો માટે સ્વાસ્થ્ય કેન્દ્ર સમો પુરવાર થઈ રહ્યો છે. આજે પ્રતિદિન બે થી અઢી હજાર નાગરિકો સવાર-સાંજ આ ઉદ્યાનની મુલાકાતે



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આવે છે અને નિયમિત બનેલા કેટલાય દર્દીઓના દર્દનું નિવારણ થયું હોવાનું નાગરિકો ઉત્સાહભેર જણાવી રહ્યા છે. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ, હરીદ્વાર દ્વારા દેશભરમાં ૧૦૮ શ્રીરામ સ્મૃતિ ઉપવન ઉભા કરાયા છે. મધ્ય પ્રદેશના ભોપાલ, બુરાહનપુર, મંસૌર સેંઘવા અને રતલામથી શરૂ થયેલી સ્મૃતિ ઉપવનની શૃંખલા હેઠળ વર્ષ ૨૦૧૪ના નવેમ્બર માસમાં મોડાસા ખાતે પંડિત શ્રીરામ શર્મા આચાર્ય સ્વાસ્થય ઉદ્યાન ઉભો કરાયો હતો. ગાયત્રી પરિવાર મોડાસા દ્વારા આ ઉદ્યાનમાં ખાસ હરીદ્વારથી આવેલા કારીગરોએ એક્યુપ્રેશર પથ તૈયાર કર્યો હતો. નવગ્રહ વાટિકા, ઔષધિવન અને દિવ્ય જયોત મશાલથી શોભતા આ ઉદ્યાનની આજે હજારો નગરજનો પ્રતિદિન મુલાકાત કરી એક્યુપ્રેશર વે દ્વારા ઘર કરી ગયેલી બીમારીઓથી છુટકારો મેળવી રહ્યા છે.

ગાયત્રી પરિવારના ચિંતનભાઈ દેસાઈ અને હરેશ કંસારાના જણાવ્યા મુજબ એક્યુપ્રેશર પથ ઉપરના ચોકોર પત્થરો, રાઉન્ડ પત્થરો અને તીક્ષ્ણ પથ્થર પર ચાલવાથી સમગ્ર શરીરમાં રક્તપ્રવાહ નિયમિત થાય છે. જેનાથી આંખ પીડા, ઉધરસ, ઘૂંટણ પીડા, ગેસ, ડાયાબીટીસ, તાવ, વૃધ્ધાવસ્થા જેવી નબળાઈ અને અસાધ્ય રોગોથી છુટકારો મળતો હોઈ આજે આ ઉદ્યાન શહેરવાસીઓ માટે તન, મન સ્વસ્થ રાખવાનું ઉત્તમ સ્થાન પુરવાર થઈ રહ્યો છે.

મોડાસા નગરપાલિકાના પ્રમુખ એસ.આર. પટેલના જણાવ્યા મુજબ ગાયત્રી પરિવાર સાથે પાલિકાના સહયોગથી તૈયાર કરાયેલ આ ઉદ્યાન અને એક્યુપ્રેશર પથનો લાભ લેનાર નગરજનો દિનપ્રતિદિન વધી રહ્યા છે. જરૂરીયાત મુજબ આવો બીજો એક્યુપ્રેશર-વે ની જરૂરિયાત વર્તાય છે. પરીવાર પાસે માંગણી કરી છે. આ ઉદ્યાનમાં પ્રાકૃતિક આહાર કેન્દ્ર શરૂ કરાય તેવી ગતિવિધિ કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# અરવલ્લી પત્રકાર પ્રેસ પરિષદના હોદ્દેદારોની નિયુક્તિ

મોડાસા, તા. ૨૦

પત્રકાર પ્રેસ પરિષદ ઈન્ડીયાના રાષ્ટ્રીય પ્રમુખ બાબા ક્રિશ્નદેવની સુચનાથી ઋષભ મિશ્રાએ ગુજરાત પ્રભારી મહેન્દ્ર પ્રસાદની નિમણુંક કર્યા પછી ગુજરાત પત્રકાર પ્રેસ પરિષદના હોદ્દદારોની નિમણુંક કરાઈ હતી.

જેમાં ઉત્તર ગુજરાત ઝોન પ્રભારી હસમુખભાઈ પટેલ, સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી હિતેશ ઠક્કર, દક્ષિણ ઝોન પ્રભારી ડૉ. ગૌતમભાઈ પટેલ, મધ્યમ ગુજરાત ઝોનના કૌશિક જોષી તેમજ અરવલ્લી જિલ્લા પ્રભારી શૈલેષ પંડ્યા, સાબરકાંઠા ઝોન જિલ્લા પ્રભારી ક્ષિતિજ રૂપાલી, પાટણ જિલ્લા પ્રભારી વિપીન પ્રજાપતિ, મહેસાણા જિલ્લા પ્રમુખ સંકેત સિડાણા, મહિસાગર જિલ્લા પ્રમુખ વિરેન જોષી, અરવલ્લી જિલ્લા પ્રમુખ પ્રવિણ પટેલ, ઉપપ્રમુખ ભરતભાઈ પરમાર, મહામંત્રી સુરેન્દ્રસિંહ રાઠોડ, મહામંત્રી રાકેશ પટેલ, મંત્રી મહેશ પટેલ, મંત્રી સંજય ગાંધી, કૌશિક સોની, માલપુર તાલુકા પ્રમુખ હસમુખભાઈ ત્રિવેદી, ભિલોડા તાલુકા પ્રમુખ વિપુલ રાણા, મોડાસા પ્રમુખ કેતુલ જયસ્વાલ, ઉત્તર ગુજરાત ઝોન પ્રચાર મંત્રી તસ્લીમ સુથારની નિમણુંક કરવામાં આવી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસાની સર્વોદય હાઈસ્કૂલનો સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવાયો

વર્ષ ૧૯૬૫માં મોડાસા કેળવણી મંડળ દ્વારા સ્થપાયેલી સર્વોદય હાઈસ્કૂલને ૫૦ વર્ષ પૂર્ણ થતા સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે જે પ્રસંગે સુવર્ણ જયંતિ સ્મૃતિ ગ્રંથની રચના કરી તેની ગ્રંથયાત્રા નગરમાં કાઢવામાં આવી હતી. આ ગ્રંથ યાત્રામાં હજારો વિદ્યાર્થીઓ જોડાયા હતા. સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી પ્રસંગે ગ્રંથયાત્રા વક્તૃત્વ સ્પર્ધાઓ, બાળ મેળાઓ, વિજ્ઞાન મેળો, નાટકો, સેમીનાર જેવા વિવિધ કાર્યક્રમોની ઉજવણી સાથે મોડાસા કેળવણી મંડળ સંચાલિત સર્વોદય હાઈસ્કૂલના વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીને આ પ્રસંગમાં સામેલ કરી શાળાના તેજસ્વીઓને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે પૂર્વ કુલપતિ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ડૉ. દાઉદભાઈ ઘાંચી અને ડૉ. દક્ષેશ ઠાકર કુલપતિ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત હાજર રહ્યા હતા.

# મોડાસામાં ભાજપા યુવા મોરચાની કાર્યશાળા યોજાઈ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લામાં મોડાસા શહેરમાં જિલ્લા ભાજપા મધ્યસ્થ કાર્યાલય ખાતે ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના સદસ્યોને આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે યુવા મોરચાના યુવા કાર્યકરોને સંગઠીત થવા અને યોજનાઓનો લાભ જન-જન સુધી પહોંચાડવા હાંકલ કરી




જરૂરી માર્ગદર્શન અને આવનારી સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીએ સત્તા સંભાળ્યા પછી લોક ઉપયોગી યોજનાઓ લોકો સુધી પહોંચતી કરવા રવિવારે કાર્યશાળા યોજાઈ હતી.

મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલા જિલ્લા ભાજપા મધ્યસ્થ કાર્યાલય ખાતે રવિવારના રોજ જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી અને યુવા મોરચાના પ્રદેશ મહામંત્રી હિતેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને કાર્યશાળાનું હતી. અરવલ્લી જિલ્લા કાર્યશાળામાં જિલ્લાના મહામંત્રી રાજુભાઈ પટેલ, ભીખાજી ડામોર, યુવા મોરચાના પ્રદેશ પ્રભારી વિનયભાઈ દેસાઈ અને પ્રદેશ ચૂંટણી સેલના કન્વીનર મહેશભાઈએ કાર્યશાળામાં કાર્યકરોને સંબોધ્યા હતા. જિલ્લા યુવા મોરચાના પ્રમુખ અનિલભાઈ પટેલ, મહામંત્રી અનિરૂદ્ધસિંહ ગાયકવાડ, સંજય જયસ્વાલ, કૌશિકભાઈ પટેલ અને મોડાસા શહેર યુવા મોરચાના પ્રમુખ વિપુલ કડીયાએ સફળ આયોજન કર્યું હતું.

## પાલુન્દ્રાના યુવાનનું ઝેરી સાપ કરડતા કરૂણ મોત

હરસોલી, તા. ૨૦

દહેગામ તાલુકાના પાલુન્દ્રા ગામે વહેલી સવારે નવ યુવાનનું પોતાના જ ઘરમાં ઝેરી સાપ કરડતા તેનુ સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું હતું. યુવાનના મોતની ઘટનાને પગલે પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત મહિતી અનુસાર દહેગામ તાલુકાના પાલુન્દ્રા ગામનો યુવાન ઉજવલસિંહ ચૌહાણ ગત રોજ પોતાના ઘરે સૂઈ રહ્યો હતો દરમિયાન વહેલી સવારે યુવકના ઘરમાં ઝેરી સાપ ઘુસી આવ્યો હતો અને અચાનક સાપે યુવાનને ડંખ મારતા તેણે બુમાબુમ કરી હતી. અને યુવન બેભાન થઈ ગયો હતો. પરિવારજનોને આ ડંખ વિશે માલુમ પડતા તુરંત સારવાર અર્થે ગાંધીનગર સિવિલમાં લઈ ગયા હતા પરંતુ સારવાર મળે તે પહેલા જ ઝેર આખા શરીરમાં પ્રસરી જતા યુવાનનું મોત થવા પમ્યું હતું. યુવાનની આ મોતની ઘટનાને પગલે પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. અઢાર વર્ષીય યુવાન ધોરણ-૧૨માં અભ્યાસ કરતો હતો.

# રોઝડમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા વૃક્ષારોપણ કરાયું

તલોદ, તા. ૨૦

વિશ્વ હિન્દુ પરિષદ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ ત્રણેય પ્રાન્તની બેઠક તાજેતરમાં અમદાવાદ મુકામે મળી હતી. જેમાં ૧૫૧૦૦૦ વૃક્ષો ગુજરાતભરમાં વાવી તેનું જતન કરવા સાથેની સુચના દરેક કાર્યકર અને હોદ્દેદારોને આપવામાં આવી હતી જે અન્વયે રવિવારના રોજ તલોદ નજીક આવેલા રોઝડ ખાતે આર્યવનમાં ૪૦૦ નંગ છરૂના રોપા રોપવાનો વૃક્ષારોપણ કાર્યક્રમ સવારે યોજાઈ ગયો હતો. આ કાર્યક્રમમાં ઉત્તર ગુજરાત પ્રાન્ત સહમંત્રી જયંતિભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લાના ઉપાધ્યક્ષ નારાયણ શર્મા, સત્સંગ પ્રમુખ ભીખુસિંહ રાઠોડ, સહમંત્રી કનુભાઈ પટેલ, ગૌરક્ષાના રાજુભાઈ દેસાઈ, જિલ્લા સમરસતાના જે.પી. પરમાર તથા તલોદ તાલુકા મંત્રી ફતેસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. પરિષદના તલોદ શહેર પ્રમુખ, મંત્રી સહિત ૫૦થી વધુ કાર્યકરોની કામગીરીથી સદર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એલિવેશન ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦